Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

# હેમચંદ્રાચાર્યના " શબ્દાનુશાસનમાં " પર્યાવરણ વિષયક વિચારો.

**પ્રો.જગદીશચંદ્ર.આર.માછી***

૧૨મી સદીમાં સુવર્ણ જેવી તેજસ્વી આભાથી સુશોભિત ગુર્જર રાજ્યને ગૌરવાન્વિત કરનાર યુગપુરૂષ હેમચંદ્રાચાર્યજીનો જન્મ વિક્રમ સંવત1145ની કાર્તિક પૂર્ણિમાએ થયો.તેમણે ગુજરાતની સામાજીક, સાહિત્યિક, અને સાંસ્કૃતિક વિચારધારાને નવીન દ્રષ્ટિ આપી, સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્યના મૂર્ધન્ય પ્રણેતા જેને "કલિકાલસર્વજ્ઞ"ની ઉપાધિથી સન્માનિત કરાયા છે, એવા યુગપુરૂષ હેમચંદ્રસુરિએ સંસ્કૃતસાહિત્યની અદભૂત સેવા કરી છે જે બાબત નિર્વિવાદ અને સર્વવિદિત છે. પુરાણ, કાવ્ય, વ્યાકરણ, કોષ, અંલકાર, છંદ, ન્યાય, યોગ, સ્તોત્ર પર અનેક ગ્રંથોની રચના કરી બહુમુખી પ્રતિભાથી સંપન્ન ,એક મહાન સંતપુરૂષ, શાસ્ત્રીય વિદ્વાન, વૈયાકરણી, દાર્શનિક, કાવ્યકાર, શ્રેષ્ઠ લેખક અને લોકચરિત્રનાં અમર સુધારક હતાં.તેમને અનેક ગ્રંથોની રચના કરી છે તેઓએ તેમનાં ગ્રંથ "શબ્દાનુશાસન"માં જુદી-જુદી અનેક બાબતોનો ઉલ્લેખ સૂત્રો દ્વારા કર્યો છે તેમની પર્યાવરણવાદી વિધાયક દ્રષ્ટિકોણ ધરાવતી કેટલીક માહિતી પ્રાપ્ત થાય છે.

હેમચંદ્રાચાર્યકૃત "શબ્દાનુશાસનમાં" પર્વતો, નદીઓ, વનો, ઉદ્યાનો જેવી પર્યાવરણના તત્વોનું વિવેચન પ્રાપ્ત થાય છે. હેમચંદ્રાચાર્ય કરેલા ઉલ્લેખથી જાણવા મળે છે કે તેમના સમયમાં પર્વતની આજુબાજુ રહેનારા લોકો શસ્ત્રધારી હતા, તેમને "पर्वतात्"(६(६०/३/ "पर्वतशब्दाद्देशवाचिनऽशेषे :र्थे ईय "प्रत्ययो भवति। :જેમ કે पर्वतीयो राजा पर्वतीय पुमांन् । અર્થાત્ પહાડી પ્રદેશમાં રહેવાવાળાને બતાવવા માટે "पर्वत्" શબ્દથી "इय" પ્રત્યય થાય છે. જેમ કે પહાડી પુરુષ બન્ને પર્વતીય કહેવાય છે. મનુષ્ય અર્થથી ભિન્ન અર્થ બતાવવા આ "इय""પ્રત્યય વિકલ્પથી થાય છે. જેમ કે /६अनरेवा "३पर्वतादेशवापिनो -६१/ -प्रत्ययो भवति वा :नरवर्जितशेषेडर्थे ईयजेम કે पर्वतीयानि पर्वतानि फलानि, पार्वतमुदकम् ।

માર્કંડેય પુરાણમાં ત્રિગર્ત, હુગ્ગર, હુંજા, જલાલાબાદ અર્થાત્ કાંગડાથી અફગાનિસ્તાન પર્વતીય લોકોને પર્વતીયા અથવા પર્વતાશ્રયી કહેવામાં આવે છે.

---

*પ્રો.જગદીશચંદ્ર.આર.માછી ,આર્ટસ એન્ડ કૉમર્સ કોલેજ, દેવ.બારીયા .જિલ્લો: દાહોદ

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

મહાભારતના ઉદ્યોગપર્વ (૩૦/૨૭) માં "गांधारराज :"पर्वतीय :शकुनि :ગન્ધાર દેશનો રાજા પહાડી લોકોના સમૂહો નો અધિપતિ હતો. હેમચન્દ્રાચાર્યે "सानु"શબ્દની વ્યુત્પત્તિ બતાવતા લખ્યું છે કે सनति सनोति वा मृगादीनीति सानु :पार्वतैकदेश-अर्थात् મૃગ આદિ પશુઓના રહેવાના કારણે "સાનુ" કહેવાય હતાં.

પૌરાણિક પર્વતોમાં વિજયાર્ધ, પુષ્કરાર્ધ (૬/૩/૭૦( નિષધ અને નીલ (૨/૨/૩૩(નો નિર્દેશ આપ્યો છે. વિજયાર્ધને અમુક વિદ્વાન હિમાલયનું જ એક અંગ માને છે. "अज्जनादीनांगिरौ (૭૭/૨/૩)માં પરંપરાથી ચાલી આવેલા પર્વતોના નિર્દેશની સાથે અમુક નામ નવા પર્વતોના પણ આવ્યા છે. આ સૂત્રમાં અજ્જનાદિ ગણના અંતર્ગત અજ્જનાગિરી આંજનાગિરી, કિશુંકાગિરી, કિંશુલકાગિરી, સાસ્વગિરી, લોહિતાગિરી, કુક્કુટાગિરી, ખદનાગિરી, નલાગિરી અને પિંગલાગિરી આ રીતે દશ પહાડોના નામનો ઉલ્લેખ છે. પાણિનિએ કિંશુલકાદિ ગણમાં કિશુંકાગિરી શાલ્કાગિરી, અંજનાગિરી, ભંજનાગિરી, લોહિતાગિરી અને કુક્કુટાગિરી આ છ પહાડોના ઉલ્લેખ કર્યા છે. શ્રી. ડૅા. વાસુદેવ શરણ અગ્રવાલના અનુમાન મુજબ ઉત્તરપશ્ચિમ બાજુ અફઘાનિસ્તાન થી બલૂચિસ્તાન સુધી ઉત્તરદક્ષિણ દોડ્તી પહાડોની જે ઊંચી દિવાલો છે, તેવા મોટા પર્વતોના આ નામ જાણવા મળે છે. અમુક વિદ્વાનો હિન્દુકુશનું જૂનું નામ લોહિતગિરી માને છે. મહાભારત-સભાપર્વમાં(૨૭/૧૭) અર્જુનનાં દિગ્વિજયના માર્ગમાં કાશ્મીર પછી લોહિતને જીતવાનો ઉલ્લેખ છે.

હેમચન્દ્રાચાર્યે (૩/૧/૧૪૨( માં હિમાલયના એક પર્વતની એક શિખર ગૌરી નો ઉલ્લેખ કર્યો છે. આનું વર્ણન મહાકવિ કાલિદાસના કુમારસંભવમાં પાર્વતી તપશ્ચરણના પ્રસંગમાં (૫/૭)માં ઉપલબ્ધ થાય છે. આ શિખર પર મોર રહેતા હતા. હેમચન્દ્રાચાર્યે આ જ પ્રસંગમાં કૈલાસ પર્વતનો ઉલ્લેખ કર્યો છે. જિનસેનના મહાપુરાણમાં (૩૩ પર્વ શ્લોક ૧૨/૨૦( કૈલાસનું વિસ્તૃત વર્ણન મળે છે આ કૈલાસ પર્વતમાંથી ઘણા ઝરણાં નીકળતા હતા, તેનુ શિખર ઘણું જ ઊચું હતું તેમાં અનેક પ્રકારની મણી-ઔષધિઓ હતી. ગુફાઓમાં સિંહ આદિ હિંસક પશુ નિવાસ કરતા હતા. આ કૈલાસ પણ હિમાલયનું એક શિખર છે. હેમચન્દ્રાચાર્યે (૩/૨/૭૫)માં તેનુ બીજુ નામ અષ્ટાપદ પણ કહ્યું છે. અમુક વિદ્વાનો કૈલાસને માન-સરોવરથી ૨૫ માઇલ ઉત્તરમાં માને છે, તથા આ સ્થાન મનુષ્યો માટે અગમ્ય માનવામાં આવે છે અન્ય પર્વતોમાં ગંધમાદનના(૨/૨/૩૩) નામોની સાથે નીચે પ્રમાણેના પર્વતોનો ઉલ્લેખ મળે છે.

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

૧.રૈવતકગિરિ (૩/૮/૨૦) આ ગુજરાતનો પ્રસિદ્ધ પર્વત છે, અત્યારે તેનું નામ ગિરનાર છે. પુરાણોમાં તેને રૈવતક પર્વત કહેવામાં આવ્યો છેઆ કાઠીયાવાડ પ્રાંતમાં જૂનાગઢ નગરની નજીક છે. મહાકવિ માઘે એમના મહાકાવ્યમાં શ્રીકૃષ્ણની સેનાનું દ્વારિકાથી ચાલીને રૈવતક પર્વત પર શિબિર બાંધવાનું અને વિવિધ ક્રિયાઓનું વર્ણન કર્યુ છેજૈન સાહિત્યમાં આ પર્વત ઘણો પ્રસિદ્ધ અને પવિત્ર માનવામાં આવ્યો છે.

૨.માલ્યવાન (૨/૨/૩૩) આ દક્ષિણપથનો પર્વત છે.રામાયણમાં તેનું વર્ણન છે અહીયાં સુગ્રીવની પ્રાર્થના બાદ શ્રીરામચન્દ્રજીએ વર્ષાકાલ પસાર કર્યો હતો

૩.પરિયાત્ર: (૨/૨/૭૫( આ ભારતવર્ષનો એક પર્વત છે. સંભવત: આ વિન્ધ્ય પર્વતમાળાનો એક ભાગ છે, જે કચ્છની ખાડી બાજુ છે. અમુક ઐતિહાસિક વિદ્વાનોના મત મુજબ આ હિમાલયની શિવાલક પર્વતમાળાનું નામ છે. અમુક વિદ્વાનો જયપુર અને મરુસ્થલના મધ્યમાં વિશાળ પર્વતમાળાના દક્ષિણભાગને પરિયાત્ર માને છે, હાલમાં પત્થર કહેવાય છે. ચીની યાત્રી યુ,એન.સંગે આ પર્વતમાળાને પરિયાત્ર કહ્યું છે હેમચન્દ્રાચાર્યે " उत्तरो विन्ध्यात परियात्र:" (२/२/७५)- અર્થાત્ વિન્ધ્ય થી ઉત્તર પરિયાત્ર કહ્યું છે. મધ્યભારતમાં પશ્ચિમોત્તરમાં વિસ્તૃત પર્વત શ્રેણી વિન્ધ્ય છે તેના લીધે ભારત ઉત્તર અને દક્ષિણ ભાગોમાં વહેચાયેલું છે

૪.વર્દાવાન્નામગિરિ : (૩/૨/૭૮) વાર્દા- मेधा सन्त्यत्र वार्दावान्नामगिरि ।:અર્થાત્ આ પણ હિમાલયનું જ કોઈ શિખર પ્રતિત થાય છે.

૫.બેટાવાન્નામગિરિ: (૩/૨/૭૮)" बेटन्ति पक्षिभिरत्र वेटा वृक्षास्ते सन्त्यत्र" અર્થાત્ આ પર્વત પર વૃક્ષો હતા સંભવત આ વિન્ધ્યગિરિનું કોઈ શિખર છે

૬.શત્રુજંય (૩/૪/૨૦) કાઠીયાવાડમાં એક નાનો પર્વત છે, આ પર્વત પર લગભગ ૬૦૦ જૈન મંદિર છે. હેમ. આચાર્યે ગિરનારથી શત્રુજયનું અંતર બતાવતાં લખ્યું છે કે "रैवतकात् प्रस्थित शत्रुज्ज्ये सूर्य पातयति : રૈવતકથી પ્રાત:કાલે જો નીકળીએ તો સૂર્યાસ્ત થતાં-થતાં શત્રુંજય પર પહોંચી જવાય. કહેવાય છે કે સિદ્ધરાજ જયસિંહે શત્રુંજ્યની તીર્થયાત્રા કરીને ત્યાંના આદિનાથને બાર ગામ ભેટમાં આપ્યા હતાં સમ્રાટ કુમારપાલે પણ શત્રુંજ્ય અને ગિરનારની યાત્રા કરી હતી તથા શત્રુંજ્ય ઉપર જૈનમંદિર પણ બનાવ્યા હતા

નદીઓ: "गिरिंनद्यादीनाम) "૨ (૬૮/૩/માં બે પ્રકારની નદીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

૧. ગિરિનદી. ૨.વક્રનદી.

ગિરિનદી તેને કહેવાય જે પહાડી નદી હોય ઝરણાનાં રુપમાં પ્રવાહિત હોય જેમાં વધારે ઊંડું પાણી હોતું નથી વક્રનદી એ પ્રકારની નદી છે, જેનો પ્રવાહ ખૂબ લાંબો અને દૂર સુધી પ્રવાહીત હોય જેનું પાણી ઊંડુ હોય છે દૂર સુધી પ્રવાહીત હોવાથી વક્રનદીની આજુબાજુ વસ્તી હોય છે. મોટા ગામ-નગરો-શહેરોનો વસવાટ હોય છે. હેમ.ના શબ્દાનુશાસનમાં નીચેની નદીઓનો ઉલ્લેખ છે.

ગંગા(૩/૧/૩૪), યમુના(૩/૧/૩૪], શોણ(૩/૧/૪૨) ગોદાવરી(૩/૨/૫,) (૭/૩/૬૧) દેવિકા (उणर२७), ચર્મવતી (૨/૪/૩૦), ઈન્દુમતી, દ્રુમતી શરાવતી, હરાવતી, ભાગીરથી, જાહ્નવી, સૌવાસ્તવી (૬/૨/૭૨), ચન્દ્રભાગા(૨/૪/૩૦)

૧. ગંગા:- આ ભારતની પ્રસિદ્ધ પુણ્યનદી છે. આ ગઢવાલ જિલ્લાના ગંગોત્રી નામના પર્વતથી બે કિ.મી બિન્દુસરથી નીકળે છે. તેમણે अनुगङ्ग वाराणसी (૩૪/૧/૩)ઉદાહરણ દ્વારા વારાણસી નજીક ગંગાનું સૂચન કર્યું છે૩/૨/૫ સૂક્તમાં उन्मत्तगङ्गम्, लोहितगङ्गम्, शनैगङ्गम् અને तृष्णीगङ्गम् ઉદાહરણો દ્વારા ગંગાની વિભિન્ન સ્થિતિઓનું વર્ણન છે વર્ષાઋતુમાં પૂર આવવાથી ઉન્મત્ત ગંગા થઈ જાય છે. શરદઋતુમાં ગંગાનો પ્રવાહ ઓછો થઈ જવાથીशनैगङ्गम् ધીરે ધીરે પ્રવાહિત થવાવાળી ગંગા કહેવાય છેગ્રીષ્મઋતુમાં ગંગાની ધાર[પ્રવાહ] ક્ષીણ થવાથી કલકલ ધ્વનિ પણ ઓછો થઈ જાય છે, અને ગંગા શાંતરૂપમાં પ્રવાહિત થવા માંડે છે, તેથી આ દિવસોમાં તેને तृष्णीगङ्गम् કહેવાય છે.

૨. યમુના: આગ્રા, મથુરા અને પ્રયાગની નજીક પ્રવાહિત રહેવાવાળી પ્રસિદ્ધ નદી છે આ કલિન્દ નામના સ્થાનેથી નીકળે છે. જેને યમુનોત્તરી કહેવામાં આવે છે હેમચન્દ્રાચાર્યે "अनुयमुनं"(૩/૧/૩૪) ઉદાહરણથી મથુરાની નજીક યમુનાને બતાવી છે

૩. શોણ :- આ પૂર્વદેશની પ્રસિદ્ધ નદી છે હેમચન્દ્રાચાર્યે 'गंगा च शोणश्च गंगाशोणम्' (૩ (૧૪૨/૧/દ્વારા ગંગા અને શોણની નિકટતા બતાવી છે આ નદી ગોંડવાનથી નીકળીને પટણા નજીક ગંગાને મળે છે.

૪.ગોદાવરી: દક્ષિણભારતની પ્રસિદ્ધનદીછે. આ સહ્ય પર્વત-પશ્ચિમી ઘાટના પૂર્વ શિખર ત્ર્યમ્બકેશ્વર નામના સ્થાનની નજીક બ્રહ્મગિરિ પર્વતથી નીકળે છે. આ સ્થાન હાલમાં નાસિક નગરથી ૧૨ માઇલ દૂર છે. આ નદી રાજ મહેન્દ્રીની નજીક પૂર્વે સમુદ્ર(બંગાળની ખાડી)માં પડે છે, અને તે ૧૦૦ માઇલ લાંબી છે.

Saarth
E-Journal of Research
**ISSN NO: 2395-339X**

૫. <u>મશકાવતી :</u>- સ્વાતનદીનો નીચલો ભાગ મશકાવતી છે. તેના તટ પર મશકાવતી નગરી હતી. યૂનાનીઓનામત મુજબ મસ્સ્ગનો કિલ્લો પહાડી હતો જેના નીચે પ્રવાહિત થવાવાળી નદી મશકાવતી કહેવાય છે. કાશિકા (૪/૨/૮૫) માં આ નદીનો ઉલ્લેખ છે.

૬. <u>ઈરાવતી</u> :- આ પંજાબની પ્રસિદ્ધ ઈરાવતી અથવા રાવી નદી છે. લાહૌર નગર તેના તટ પર છે. અમુક વિદ્વાન અવધ પ્રદેશની રાપ્તીનદી ને ઈરાવતી માને છે, પણ અધિકાંશ વિચારક આ જ પક્ષ માં છે કે આ પંજાબની પ્રસિદ્ધ રાવી નદી જ છે

૭. <u>ચન્દ્રભાગા :</u> પંજાબની પાંચ પ્રસિધ્ધ નદીઓમાંની એક નદી ચિનાવ એજ ચન્દ્રભાગા નદી છે. આ સિન્ધુની સહાયક નદીઓમાંની છે આ નદીના બંને કિનારોઓ પર ચન્દ્રાવતી નગરીના વિનાશ- ચિન્હો પડેલા છે. એવુ કહેવાય છે કે રાજા ચન્દ્રસેને આ નગરી વસાવી હતી.

આ ઉપરાંત તેમને દેવીકા નદી, ચર્મવતી, ઉદુમ્બરાવતી, વીરણાવતી નદી, પુષ્કરાવતી, ઇક્ષુવતી, દ્રુમતી શરાવતી, ભૈમરથી, સૌવાસ્વતી, વિગેરે નદીઓની માહિતી આપી છે.

<u>વન</u> :- ભૌગોલિક દ્રષ્ટિથી વનોનું મહત્વ સાર્વજનિક છે આચાર્ય હેમચન્દ્રાચાર્યે પોતાના શબ્દાનુશાસનમાં શતાધિક વનોનો ઉલ્લેખ કર્યો છે પ્રાચીનભારતમાં વનોની સંખ્યા વધારે હતી,અને તેની ઉપયોગિતાથી બધા અવગત હતા. તેમણે '**निष्प्राग्रेड्न्त : खदिरकार्श्याम्रशरेक्षुप्लक्षपीयूक्षाम्यो वनस्य**' (૬૬|૩|૨) માં નિવનમ્, પ્રવનમ્, અગ્રેવનમ્, શરવન, ઈક્ષુવન, પ્લક્ષવન, પીયુક્ષાવનમ, તથા (૨|૩|૬૫( સુત્રમાં મનોહરવન. પ્રભાકરવન નામે જણાવ્યાં છે. **द्वित्रिस्वरौषधिवृक्षेभ्योनवानिरिकादिभ्य**(૬૭|૩|૨) : માં દેવદારુવન, ભદ્રદારુવન, વિદારીવન, શિરીષવન, ઇરિકાવન, મિરિકાવન, તિમિરવન, ચિરિકાવન, કમરિવન, ખીરવન,હરિવન, દ્રુમવન ,વૃક્ષવન, દુર્વાવણ , મૂર્વાવણ, વ્રીહીવણ, મારુવણ, નીવારવણ,કોદ્રવણ , પ્રિયંગુવણ, શિગ્રુવણ, દારુવણ,અને કરિરવણનો ઉલ્લેખ છે.

આ વનોમાં અગ્રેવણ પ્રાચીન જનપદમાં જ હતાંઆમ્રવન, રાજગૃહ નજીક કેરીઓનુ વિશાળ જંગલ હતું તેના વિષે કહેવામાં આવે છે કે આને જીવકે બુધ્ધને દાનમાં આપી દીધુ હતું પ્રાકૃત સાહિત્યમાં ઘણા ઉદ્યાનોનો ઉલ્લેખ છે. કપિલનગરમાં સહસ્સંબવણ નામનું ઉદ્યાન હતું.આસમિયા નગરીની બહાર સાંવવણ નામના ઉદ્યાનનો ઉલ્લેખ છે.મહાકવિ અર્હદાસે તેમના મુનિસુવ્રત કાવ્યમાં મગધના ગીચ વનોનું વર્ણન કરતાં લખે છે કે-

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

तमोनिवासेषु वनेषु यस्य मरन्दसार्द्रास्तरणोर्मयुखा। :
स्फुरन्ति शाखान्तरलब्धमार्गा । : प्रयुक्ता इव शोणितार्द्रा :कुन्ता :

) જે મગધ દેશના ગાઢ અંધકારમય વનોમાં મકરન્દના બિન્દુઓથી ભિંજાયેલા અને પર્ણોનાંમાંથી પસાર થઇને આવતાં સૂર્યના કિરણો લક્ષ્યને વીંધીને આવતી લાલ રંગના ભાલા જેવી લાગે છે. )

કવિએ " बहिर्वनो यत्र विधाय "અને "आरामरामाशिरसीव )"१। ३८ (૩૯-૫દ્યો દ્વારા રાજગૃહની બહાર રહેતા વનોની સૂચના આપી છેહેમ.એ (૨।૩।૬૭( મનોહર વનને રમ્ય ઉદ્યાન ગણાવ્યા છે . પ્રભાકર વનનું બીજું નામ મહાવન પણ કહેવામાં આવ્યું .છેઆ ઉદ્યાન વારાસણી પાસે હતું . પ્રભાકર વન વૈશાલીની આસપાસ હશે તેનુ પ્રમાણ પણ પ્રાપ્ત થાય છે . વ્રીહિવણ અને મૂર્વાવણ ઋજુપાલિકા નદીના બંને કિનારા પર હતું ભગવાન મહાવીરે આજ ઋજુપાલિકા નદીના કિનારે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું બદરીવન મિર્જાપુર અને વારાસણીની વચ્ચે આવેલુ હતુ આજે પણ તે સ્થળે બદરી - વૈરના વૃક્ષો ઉપલબ્ધ છે આ બદરીવન રાજસ્થાનના ધૌલપુરથી ૨૦-૨૧ કિલોમીટર દુર વાડી નામના વિસ્તારની આસપાસ હતું . ઇરિકાવન અને મિરિકાવન વિન્ધ્યની તળેટીમાં હતું . કરિરવણ - મથુરા અને વૃન્દાવન વચ્ચે આઠ માઇલ લાબું હતું આચાર્ય હેમ.ના સમયમાં પણ આ વનો કોઇ ને કોઇ નામ રુપે રહ્યા હશે.

આમ આચાર્ય હેમચંદ્રાચાર્યે પ્રાકૃતિક અને પર્યાવરણની યોગ્ય માહિતી સૂત્રો દ્વારા પૂરી પાડી છેમાનવીજીવન સુરક્ષિત પર્યાવરણ વગર શક્ય નથીતેનીકાળજી પ્રત્યેક જનનીછે.ભૂતકાળમાં પર્યાવરણની યોગ્ય જાળવણી કરવામાં આવતી હશે તેની માહિતી ઉપરોક્ત વિચારોથી મળી રહે છે. આજે વર્તમાન પરિસ્થિતિમાં શહેરીકરણોને કારણે અમૂલ્ય એવાં પર્યાવરણ તરફ આપણે ભદ્ર અને ભાવમય દ્રષ્ટિ રાખીશું નહીં તો તેના દુરોગામી પરિણામો ભયાનક બની શકે છે. પ્રકૃતિ અને પર્યાવરણને વિકૃત કે પ્રદુષિત કરનારા બળો કે પરિબળોને સામે સખત અને સાતત્યપૂર્વક મહેનત કરવી પડશે પર્યાવરણ સમગ્ર-જીવોનું સાચું આવરણ છે. ભારતીય સંસ્કૃતિની શોભા પર્યાવરણને કારણે જ સમૃધ્ધ હતી તેથી જ આચાર્ય હેમચંદ્રાચાર્યે વ્યાકરણ જેવા ગ્રંથોમાં પણ પર્યાવરણના ઐતિહાસિક ઉદાહરણો આપી તેને સાચવવાની સૂચક દ્રષ્ટિ કરી હશે.